ખેડા જિલ્લામાં જીવલેણ દહેશત | સાબરકાંઠા-મહિસાગર બાદ હવે ખેડામાં વાયરસની એન્ટ્રીથી ફફડાટ

કપડવંજના સાલોડમાં એક વર્ષનું બાળક 'ચાંદીપુરા' વાયરસના સકંજામાં સપડાયું

બાળકને ગાંધીનગર સિવિલ ખસેડાયું, આરોગ્ય તંત્ર 'એલર્ટ મોડ' પર

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૧

સાબરકાંઠા અને મહિસાગર જિલ્લામાં ચાંદીપુરા વાયરસના કેસ નોંધાયા બાદ હવે ખેડા જિલ્લામાં પણ આ ઘાતક વાયરસનો પ્રથમ શંકાસ્પદ કેસ સામે આવતા સમગ્ર પંથકમાં ભારે ગભરાટ ફેલાયો છે. કપડવંજ તાલુકાના સાલોડ ગામની સીમમાં રહેતા એક પરિવારના ૧ વર્ષના માસૂમ બાળકમાં આ વાયરસના પ્રાથમિક લક્ષણો જણાતા તેને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યું છે. બાળકની હાલત અત્યંત નાજુક હોવાથી તેને વધુ સારી સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સ્પેશિયાલિસ્ટ તબીબોની દેખરેખ હેઠળ રાખવામાં આવ્યું છે.

કપડવંજના સાલોડ ગામના સીમ વિસ્તારમાં રહેતા આ બાળકની તબિયત અચાનક લથડતા પરિવારજનો તેને કપડવંજની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જોકે, બાળકની સ્થિતિ ગંભીર હોવાનું જણાતા તબીબોએ તેને તુરંત અન્યત્ર ખસેડવાની સલાહ આપી હતી. લક્ષણોની ગંભીરતા જોતા બાળકને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યું છે, જ્યાં હાલ તેનું સઘન તબીબી પરિક્ષણ અને સારવાર ચાલી રહી છે.

આ ઘટનાની જાણ થતા જ ખેડા જિલ્લા આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. વાયરસનું સંક્રમણ અટકાવવા માટે આરોગ્ય કર્મચારીઓની વિવિધ ટીમો બનાવીને સાલોડ અને આસપાસના સીમ વિસ્તારોમાં યુદ્ધના ધોરણે તપાસ હાથ ધરવામાં આવી છે.

ડસ્ટિંગ અને તપાસની ઝુંબેશ

આ અંગે આરસીએચ અધિકારી ડો. એ. એ. પઠાણે જણાવ્યું હતું કે, જે વિસ્તારમાં કેસ નોંધાયો છે તેની આસપાસના ૧૦ કિલોમીટરના વ્યાપમાં ડસ્ટિંગની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત, યુઆઇસી અને સેન્ટ્રોમેટીક કેસની તપાસ માટે વિશેષ ઝુંબેશ હાથ ધરાઈ છે, જેથી અન્ય કોઈ બાળકમાં આવા લક્ષણો છે કે નહીં તેની ત્વરિત જાણકારી મેળવી શકાય.

વીરપુર નગરમાં ૫૪ જેટલાં દબાણકારને નોટિસ ફટકારી

ગ્રામ પંચાયત દ્વારા દબાણકારોને ૭ દિવસમાં સ્વખર્ચે દબાણ દૂર કરવા અલ્ટીમેટમ

(પ્રતિનિધિ) વીરપુર તા.૧૧

વીરપુર ગ્રામ પંચાયત દ્વારા જાહેર માર્ગો અને ફૂટપાથ પર થયેલા ગેરકાયદેસર દબાણો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. માનવ સેવા મંદિરથી વિરાજી સર્કલ સુધીના વિસ્તારમાં ફૂટપાથ પરના દબાણો હટાવવા માટે પંચાયત તંત્ર દ્વારા અત્યાર સુધીમાં કુલ ૫૪ નોટિસ ફટકારવામાં આવી છે, જેનાથી ફફડાટ વ્યાપી ગયો છે.

વીરપુર ગ્રામ પંચાયતે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૧૦૫ હેઠળ આ કાર્યવાહી શરૂ કરી છે. અગાઉ પ્રથમ તબક્કામાં ૩૭ દબાણકારોને નોટિસ અપાઈ હતી, જ્યારે આજે વધુ ૧૭ વેપારીઓને નોટિસ પાઠવવામાં આવી છે . આ નોટિસમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે, સાત દિવસની અંદર દુકાનોની આગળના લોખંડ, પતરાં કે પ્લાસ્ટિકના શેડ અને ફૂટપાથ પરની લારીઓ સ્વખર્ચે હટાવી લેવી. જો નિયત સમયમર્યાદામાં દબાણ દૂર કરવામાં નહીં આવે, તો પંચાયત દ્વારા તે તોડી પાડવામાં આવશે અને તેનો તમામ ખર્ચ જે-તે દબાણકાર પાસેથી વસૂલવામાં આવશે.

વીરપુરના માનવ સેવા મંદિરથી વિરાજી સર્કલ સુધીના ફૂટપાથ પર અંદાજે ૨૦૦થી વધુ લારીધારકો અને નાના વેપારીઓ ધંધો કરે છે. જેની સામે માત્ર ૫૪ જ વેપારીઓને નોટિસ મળતા અનેક સવાલો ઉઠ્યા છે.

આણંદમાં પતિએ લગ્નના ૨૨ દિવસમાં જ દહેજ માંગ્યું

દેવું માફ કરાવવા પત્નીને તેઓની સાથે વાત કરવા મજબૂર કર્યાનો આક્ષેપ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૧

આણંદ શહેરમાં જીમ ટ્રેનર તરીકે નોકરી કરતી પરણિતાના બીજા લગ્નના માત્ર ૨૨ દિવસ બાદ જ પતિએ દહેજ માટે ત્રાસ આપવાનું શરૂ કરતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

મહિલા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ, મેહજબીને ગત ૨૬મી મે ૨૦૨૪ના રોજ અઝરુદીન નાસીરુદીન કાઝી સાથે બીજા લગ્ન કર્યા હતા. લગ્ન સમયે અઝરુદીને મહિલાના પહેલા લગ્નથી થયેલા ૮ વર્ષના દીકરાને સ્વીકારવાની ખાતરી આપી હતી, પરંતુ લગ્ન બાદ તે માસૂમ બાળકને પણ માર મારતો હતો. પતિએ પત્નીના સોનાના દાગીના વેચી મારી નવો ધંધો શરૂ કરવા માટે પત્નીના પિતા પાસેથી ૪ લાખ રૂપિયા લાવવા દબાણ કર્યું હતું. આ દરમિયાન મહિલાના ભાઈએ કટકે-કટકે ૧.૧૫ લાખ રૂપિયા આપ્યા હોવા છતાં લાલચ સંતોષાઈ નહોતી.

પરણિતાએ આક્ષેપએ કર્યો છે કે, પતિ અઝરુદીને પોતાના મિત્રો પાસેથી લીધેલા ઉછીના નાણાં પરત ન ચૂકવવા પડે તે માટે પત્નીનો મોબાઈલ નંબર મિત્રોને આપી દીધો હતો. પતિ પત્નીને એવું કહીને મિત્રો સાથે વાત કરવા દબાણ કરતો હતો કે, "જો તું ગમી જાય તો મારા મિત્રો મારા નાણાં માફ કરી દેશે." આ ત્રાસથી કંટાળીને આણંદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અઝરુદીન વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બોરસદ વાસણા (બો) ગામમાં ROB પ્રોજેક્ટમાં પ્રવેશ માર્ગ અવરોધાયો

રેલ્વે ઓવરબ્રિજ કારણે ભવિષ્યમાં ૧૨ હજારથી વધુ સ્થાનિક લોકોની અવર-જવર મુશ્કેલ બનવાની ચિંતા

પ્રતિનિધિ આણંદ તા ૧૧

બોરસદ-વાસણા ગામ નજીક છાવણી રેલવે ફાટક પર આશરે રૂ. ૬૫ કરોડના ખર્ચે ૧૧૧૦ મીટર લાંબો રેલવે ઓવરબ્રિજ આગામી દિવસોમાં જ બનવા જઈ રહ્યો છે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હેઠળ રોડની બંને બાજુ સર્વિસ રોડ પણ બનાવવાનું આયોજન છે, પરંતુ બ્રિજના વર્તમાન નકશાને કારણે વાસણા (બો) સહિત આસપાસના સાત ગામોના લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ ભાદરણ તરફ જતાં માર્ગ પર ડ્રીમ હોટલથી શરૂ થઈને લક્ષ્મી ટિમ્બર માર્ટ સુધી બનનારા આ બ્રિજના કારણે ભવિષ્યમાં સ્થાનિકોની અવર-જવર મુશ્કેલ બનવાની ચિંતા સતાવી રહી છે.વાસણા ગામમાં આવેલી જીઆઈડીસી (GIDC) ના કારણે અહીં સતત વાહનોની અવરજવર રહે છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, બ્રિજ બન્યા પછી નાના વાહનો તો નીચેથી યુ-ટર્ન લઈ શકશે, પરંતુ મોટા અને હેવી વાહનોએ કે.જી. હોટલ તરફથી લાંબો ચક્કર મારીને વાસણા ગામ કે જીઆઈડીસીમાં પ્રવેશ કરવો પડશે. આનાથી વેપાર-ઉદ્યોગ પર મોટી અસર પડશે

અને ટ્રાફિક વ્યવસ્થા ખોરવાતા અકસ્માતોની સંખ્યા વધવાની પણ ભીતિ છે.

વાસણા(બો) ગામમાંથી કિંખલોડ, લક્ષ્મીપુરા, ખેડાસા, રામપુરા, નવોદય વિદ્યાલય, રેવાપુરી અને અલારસા સહિતના ગામો તરફ જતો મુખ્ય માર્ગ આ વિસ્તારમાંથી પસાર થાય છે. રોજિંદા ધોરણે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, ખેડૂતો અને ગ્રામજનો આ રસ્તાનો ઉપયોગ કરે છે, જેમના માટે ભવિષ્યની મુસાફરી કષ્ટદાયક બની શકે છે.

આ ગંભીર પ્રશ્નના ઉકેલ માટે પટેલ વાડી ખાતે ગ્રામજનો, જીઆઈડીસીના વેપારીઓ અને ઉદ્યોગકારોની એક તાકીદની બેઠક યોજાઈ હતી. જેમાં ગ્રામ પંચાયત સરપંચ, સભ્યો, ગ્રામજનો, વેપારી મંડળ અને શાળાઓ તરફથી લેખિત રજૂઆત તૈયાર કરવામાં આવી હતી.

વાસણા (બો)ના ગ્રામજનોએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ વિકાસ કે બ્રિજના વિરોધી નથી પરંતુ વાસણા ગામમાં સરળ પ્રવેશ, પહોળા સર્વિસ રોડ અને હેવી વાહનો માટે કાયમી નિકાલની વ્યવસ્થા કરવામાં આવે તેવી તેમની ઉગ્ર માંગ છે.

ચારુસેટ વિદ્યાર્થીઓ માટે વેબિનાર સીરીઝ યોજશે

નિષ્ણાતો દ્વારા કારકિર્દી અને પ્રવેશ પ્રક્રિયા અંગે વન-સ્ટોપ માર્ગદર્શન અપાશે

(પ્રતિનિધિ) આણંદ તા.૧૧

ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન અશોક એન્ડ રીટા પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી (ARIP) દ્વારા ફિઝિયોથેરાપી ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઇચ્છુક વિદ્યાર્થીઓ માટે 'Physiotherapy Aspirants Programme - Ph-PRO 2026' નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ વેબિનાર સીરીઝ 13 જુલાઈથી 14 ઓગસ્ટ, 2026 દરમિયાન યોજાશે.

બેચલર ઓફ ફિઝિયોથેરાપીમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટે આ કાર્યક્રમ દર સોમવારથી શુક્રવાર સવારે 11:00 થી 12:00 વાગ્યા સુધી ઝૂમ પ્લેટફોર્મ પર ઓનલાઇન યોજાશે. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓના ફિઝિયોથેરાપી ક્ષેત્રને લગતા તમામ પ્રશ્નો માટે 'વન-સ્ટોપ સોલ્યુશન' સાબિત થશે. વેબિનાર દરમિયાન અનુભવી નિષ્ણાતો દ્વારા ફિઝિયોથેરાપીમાં ઉપલબ્ધ કારકિર્દીની તકો, ઉચ્ચ અભ્યાસ, વિશેષતાના ક્ષેત્રો અને વ્યાવસાયિક વિકાસ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવશે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓને પ્રવેશ પ્રક્રિયા, અભ્યાસક્રમ અને ભવિષ્યના અવસરો અંગે સચોટ માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

સંસ્થાના પ્રિન્સિપાલ ડો. ધ્રુવ દવેના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમના કો-ઓર્ડીનેટર તરીકે ડો. દીક્ષા ચંદ્રવાડીયા કાર્યરત છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

કપડવંજની શામળિયા પ્રાથમિક શાળામાં સમર્પણ ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે ચોપડા વિતરણ

કપડવંજ | કપડવંજ તાલુકાની શામળિયા પ્રાથમિક શાળા ખાતે સમર્પણ ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને નવા શૈક્ષણિક સત્ર માટે વિનામૂલ્યે ચોપડા વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રતિનિધિ શૈલેષભાઈ સોનીએ જણાવ્યું કે દરેક બાળકને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તે હેતુથી આ સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવી છે. આ સહયોગથી આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને અભ્યાસમાં મોટી મદદ મળશે અને તેમનો આત્મવિશ્વાસ વધશે. શાળાના આચાર્ય અને શિક્ષકોએ સમર્પણ ટ્રસ્ટનો આભાર વ્યક્ત કર્યો હતો.

કપડવંજ માધ્યમિક શાળા કર્મચારી મંડળીની ૨૧મી વાર્ષિક સભામાં સભાસદોને ચાંદીના સિક્કાની ભેટ

કપડવંજ | કપડવંજ તાલુકા માધ્યમિક શાળા કર્મચારીઓની ધિરાણ મંડળીની ૨૧મી વાર્ષિક સાધારણ સભા શારદા મંદિર હાઈસ્કૂલ ખાતે ભીખાભાઈ પટેલ અને વિજયભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સંપન્ન થઈ હતી. આ બેઠકમાં વર્ષ ૨૦૨૫-૨૬ના હિસાબો બહાલ રાખી દરેક સભાસદને ૧૦ ગ્રામ ચાંદીનો સિક્કો ભેટ આપવામાં આવ્યો હતો અને આગામી પાંચ વર્ષ માટે નવી કમિટીની વરણી કરાઈ હતી. આ કાર્યક્રમ દરમિયાન બોર્ડની પરીક્ષાના તેજસ્વી વિદ્યાર્થીઓને મેડલ તથા નિવૃત્ત કર્મચારીઓને શાલ ઓઢાડી સન્માનિત કર્યું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

ભગવાનપુરાની મહાવીર હાઇસ્કૂલમાં કન્યા કેળવણી મહોત્સવની શાનદાર ઉજવણી કરાઇ

કપડવંજ | કપડવંજ તાલુકાની શ્રી મહાવીર હાઇસ્કૂલ, ભગવાનપુરા દ્વારા 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ'નું ભવ્ય આયોજન કરાયું હતું. આ પ્રસંગે ગાંધીનગર વનવિભાગના શૈલેષભાઈ પરમાર અને ડીવાયએસઓ શૈલેષભાઈએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મૂક્યો હતો. શાળાના આચાર્ય દીપકભાઈ ઝાલા, ટ્રસ્ટીઓ અને શિક્ષણ વિભાગના અધિકારીની ઉપસ્થિતિમાં નવા વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાવ્યો હતો. વિદ્યાર્થિનીઓ દ્વારા સંચાલિત આ કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ શિક્ષક રમેશભાઈ પટેલ તરફથી અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજમાં 'વિશ્વ વસ્તી દિન'ની શૈક્ષણિક ઉજવણી સંપન્ન

આણંદ | આણંદની એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજ ખાતે 'યુવાનોની આશાઓ અને આકાંક્ષાઓ' થીમ હેઠળ વિશ્વ વસ્તી દિવસની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. મુખ્ય વક્તા ડો. વિજય જરીવાલાએ વસ્તીને વિકાસનું મહત્વનું પરિબળ ગણાવી વિદ્યાર્થીઓને વસ્તીના વયજૂથના માળખા અને બદલાતા વલણો વિશે માર્ગદર્શન આપ્યું હતું. આચાર્ય પ્રો. પ્રશાંત પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં બી.એ. અને એમ.એ. અર્થશાસ્ત્ર વિભાગના ૧૪૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો. જુવાનસિંહ વાળાએ સ્વાગત પ્રવચન કર્યું હતું.

નડિયાદના ચકલાસીમાં પ્રાકૃતિક ખેત પેદાશ વેચાણ કેન્દ્રનો પ્રારંભ કરાયો

નડિયાદ | નડિયાદના ચકલાસીમાં માર્કેટ યાર્ડ શોપિંગ સેન્ટર ખાતે નગરપાલિકા કોર્પોરેટર પ્રશાંતભાઈ પટેલના હસ્તે નવા પ્રાકૃતિક વેચાણ કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ કેન્દ્ર દ્વારા તાલુકાના ખેડૂતોને તેમના અનાજ, શાકભાજી અને દૂધજન્ય પેદાશોના સીધા વેચાણ થકી પોષણક્ષમ ભાવ પ્રાપ્ત થશે. સ્થાનિક નાગરિકોને હવે રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ વગરની શુદ્ધ, કેમિકલમુક્ત અને ગુણવત્તાસભર પેદાશો એક જ સ્થળેથી સરળતાથી ઉપલબ્ધ થશે. આ પ્રસંગે મદદનીશ ખેતી નિયામક પરાગભાઈ પટેલ સહિત 'આત્મા' પ્રોજેક્ટના અધિકારીઓ અને વિસ્તારના પ્રગતિશીલ ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સેવાલિયા પોલીસ દ્વારા વિદ્યુત બોર્ડ વિદ્યાલયમાં ફાયર સેફ્ટી અંગે લાઈવ ડેમો સાથે તાલીમ યોજાઈ

સેવાલિયા | સેવાલિયા પોલીસ સ્ટેશનના ઉપક્રમે ગળતેશ્વરની વિદ્યુત બોર્ડ વિદ્યાલય ખાતે ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે આગ સલામતી અંગેનો વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પોલીસ ઇન્સ્પેક્ટર અને ફાયર ઓફિસરો દ્વારા અગ્નિશામક યંત્રોનો ઉપયોગ કરી આગને કાબુમાં લેવાનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન આપી વિદ્યાર્થીઓને પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. નિષ્ણાતોએ આગ લાગવાના કારણો અને કટોકટીના સમયે સાવચેતી રાખવા અંગે માર્ગદર્શન આપતા જણાવ્યું કે, આવા કાર્યક્રમોથી વિદ્યાર્થીઓ ભવિષ્યમાં આફત સમયે પોતાની અને અન્યની સુરક્ષા કરી શકશે. શાળાના આચાર્યે પોલીસ અને ફાયર વિભાગનો આભાર વ્યક્ત કર્યો હતો.

હઠીપુરા પ્રાથમિક શાળાના સ્થાપના દિન નિમિત્તે પ્રીતિભોજન - ભેટનું આયોજન કરાયું

નડિયાદ | હઠીપુરા પ્રાથમિક શાળાના સ્થાપના દિવસની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે નાયબ મામલતદાર અર્ચનાબેન કેસરીયા દ્વારા બાળકોને ગુલાબજાંબુ, મગ પુલાવ, રાયતું અને રમકડાં આપવામાં આવ્યા હતા. આ શાળા પરિવાર દ્વારા પણ ઉત્સાહપૂર્વક તમામ બાળકોને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું હતું. આ કાર્યક્રમના અંતે શાળા પરિવાર અને બાળકોએ આ સુંદર આયોજન બદલ અર્ચનાબેનનો આભાર વ્યક્ત કર્યો હતો.

ખેડાના વણસર ગામ ખાતે ટીબી નિદાન માટે એક્સ-રે કેમ્પમાં ૧૯૨ ગ્રામજનોએ તપાસ કરાવી

ખેડા | 'ટી.બી. મુક્ત ભારત' અભિયાન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સંધાણા દ્વારા વણસર ગામે જનજાગૃતિ અને સક્રિય તપાસ માટે ભવ્ય એક્સ-રે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ગ્રામજનોએ ભારે ઉત્સાહ દાખવ્યો હતો, જેમાં માત્ર અડધા દિવસમાં જ કુલ ૧૯૨ લોકોના એક્સ-રે કરીને સ્વાસ્થ્ય તપાસ કરવામાં આવી હતી. તાલુકા હેલ્થ ઓફિસર ડો. રિતેશ બેન્કર અને તેમની ટીમ સહિત આશા બહેનોની મહેનતથી આ કેમ્પ ગ્રામીણ આરોગ્ય સેવાની સફળતાની ગાથા બન્યો હતો.

નડિયાદમાં ભારત વિકાસ પરિષદ દ્વારા ગુજરાત સ્થાપના દિનની પ્રેરણાદાયી ઉજવણી કરાઇ

નડિયાદ | ભારત વિકાસ પરિષદ ગુજરાત સ્થાપના દિન નિમિત્તે નડિયાદ શાખા દ્વારા નગર પ્રાથમિક શાળા નં. ૧૫ ખાતે સેવાકીય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે બાલવાડીના ભૂલકાઓને ફ્લેવર મિલ્ક અને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું અને શાખા વાલી કુમુદ ગોર દ્વારા સ્થાપના દિન વિશે જાણકારી અપાઈ હતી. આ કાર્યક્રમમાં પ્રમુખ અમિત સોની, મંત્રી તેજલ પંડ્યા, કારોબારી સભ્યો અને મહિલા સંયોજિકા સહિતના હોદ્દેદારોએ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના આચાર્ય પીનાકીન મકવાણા અને શિક્ષકગણના સહયોગથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં.

સંધાણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે એક્સ-રે કેમ્પમાં ૧૦૪ વનરેબલ વ્યક્તિઓની તપાસ કરાઈ

ખેડા | પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન ૨.૦ અંતર્ગત સંધાણા આરોગ્ય કેન્દ્ર ખાતે જિલ્લા આરોગ્ય અધિકારીઓના માર્ગદર્શન હેઠળ એક્સ-રે કેમ્પ યોજાયો હતો. આ કેમ્પ દરમિયાન આરોગ્ય ટીમ દ્વારા કુલ ૧૦૪ વનરેબલ વ્યક્તિઓના એક્સ-રે અને ૧૫ સ્પૂટમ કલેક્શન મેળવી ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવી હતી. જેમાં ખાસ કરીને ડાયાબિટીસ, ઓછો BMI અને ૬૦ વર્ષથી વધુ ઉમરના હાઈ-રિસ્ક ગ્રુપ ધરાવતા લોકોની તપાસ પર વિશેષ ધ્યાન અપાયું હતું. આશા બહેનો અને આરોગ્ય કર્મચારીઓના સઘન પ્રયાસોથી ટીબી નાબૂદીના સંકલ્પ સાથે આ કેમ્પનું સફળ આયોજન સંપન્ન થયું હતું.

સીવીએમ યુનિવર્સિટી ખાતે ફાર્માસ્યુટિકલ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ સંપન્ન થયો

આણંદ | સીવીએમ યુનિવર્સિટી અને બી. વી. પટેલ એજ્યુકેશન ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે 'ફાર્માસ્યુટિકલ સાયન્સીસમાં ઉભરતા પ્રવાહો' વિષય પર રાષ્ટ્રીય કક્ષાના FDPનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ છ દિવસીય કાર્યક્રમમાં એઆઈ, ડિજિટલ ટેકનોલોજી અને આઉટકમ-બેઝ્ડ એજ્યુકેશન જેવા આધુનિક વિષયો પર નિષ્ણાતો દ્વારા ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સહભાગીઓએ પેટન્ટ સર્ચ, ક્વોલિટી બાય ડિઝાઇન (QbD) અને સોફ્ટવેર-આધારિત ફોર્મ્યુલેશન ઓપ્ટિમાઇઝેશન જેવી ટેકનિકોનું પ્રાયોગિક જ્ઞાન મેળવ્યું હતું.